# આંક–૦૧ નીચે હુકમ

(૧) આ કામે આરોપી સામે ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ની કલમ ૧૩૫(૧) મુજબ ગુનો કર્યાનો આરોપ છે.

(૨) સદરહુ ધારાની કલમ ૧૫૨માં બીલની રકમ અને દંડ ભર્યેથી ગુનો માંડવાળ કરવા જોગવાઈ છે.

(૩) હાલના કામમાં સાબરતી જી.ઈ.બી. પો.સ્ટે. અમદાવાદના હાલના ગુનાના તપાસ અધિકારીએ આરોપીને ફરીયાદી સાથે બીલની રકમ અને કમ્પાઉન્ડીંગ ચાર્જ ભરી, ગુનો કમ્પાઉન્ડ કરેલ હોવાનો રીપોર્ટ કરેલ છે. ફરીયાદીને નોટીસ આ અદાલતથી કાઢવામાં આવેલ છે. જે બજી જતાં ફરીયાદી તરફે ગુનો કમ્પાઉન્ડ થયેલ હોવાનું જાહેર કરેલ છે.

(૪) ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ ૧૫૨ની જોગવાઈ મુજબ ફરીયાદી અને આરોપી વચ્ચે ગુનો કમ્પાઉન્ડ થઈ ગયેલ હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:–:હુકમ :–:–**

ધી ઈન્ડીયન ઈલેકકટ્રીસીટી એકટ–૨૦૦૩ની કલમ ૧૫૨ અન્વયે સદરહુ ધારાની કલમ ૧ ૩૫(૧) અન્વયેનો ગુનો માંડવાળ કરેલ હોવાનો રીપોર્ટ રેકર્ડ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૪ મી માહે ૯ સને ૨૦૧૯ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(એમ. એ. મિરઝા)
એડિશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૦૧, અમદાવાદ.
(જીજે–૦૦૭૧૩)

સ્થળ: અમદાવાદ
તા.૧૪–૦૯–૨૦૧૯